સ્પોટ ફિક્સીંગમાં દ્રવિડ, શિલ્પા શેટ્ટી, કુન્દ્રાની પુછપરછ કરાશે

રાજસ્થાનના હોજ અને રહાણે શંકાના ઘેરામાં, ઉંડી તપાસ જારી : ખેલાડીમાંથી બુકી બનેલા અમિતસિંહની આકરી પુછપરછના આધારે વધુ કેટલીક વિગત સપાટી પર આવી : દેશના જુદા જુદા શહેરોમાં વ્યાપક દરોડા

નવી દિલ્હી,તા. ૧૭

ઇન્ડિયન પ્રિમિયર લિગમાં સ્પોટ ફિક્સીંગ મામલામાં હવે રાજસ્થાન રોયલ્સના કેપ્ટન રાહુલ દ્રવિડ અને તેના સહમાલિકો શિલ્પા શેટ્ટી અને રાજકુન્દ્રાની પુછપરછ કરવા માટે દિલ્હી પોલીસે કમરસકસી લીધી છે. ઇન્ડિયન પ્રિમિયર લિગમાં સ્પોટ ફિક્સીંગના મામલાથી ગઈકાલે ક્રિકેટ જગતમાં ખળભળાટ મચી ગયા બાદ આજે પણ ઉંડી તપાસનો સિલસિલો જારી રહ્યો હતો. વધુ ક્રિકેટરોના નામ સપાટી પર આવે તેવી સ્થિતિ ઉભી થવાના સંકેત દેખાઈ રહ્યા છે. ધારણા પ્રમાણે જ હવે વધુ બે સ્ટાર ખેલાડી બ્રેડ હોજ અને રહાણેના નામ પણ સપાટી પર આવ્યા છે. આ બે સ્ટાર બેટ્સમેન દિલ્હી પોલીસની બાજ નજર હેઠળ હોવાનું જાણવા મળી રહ્યુ છે. બંને ખેલાડી શંકાના ઘેરામાં છે. એવા અહેવાલ મળ્યા છે કે દિલ્હી પોલીસે દાવો કર્યો છે કે રાજસ્થાન રોયલ્સના વધુ કેટલાક ખેલાડીઓની સ્પોટ ફિક્સીંગ કૌભાંડમાં સીધી સંડોવણી હોઈ શકે છે. ખેલાડીમાંથી બુકી બનેલા અમિતસિંહની આકરી પુછપરછ કરવામાં આવ્યા બાદ દિલ્હી પોલીસના સુત્રો દ્વારા આ મુજબનો ચોંકાવનારો ખુલાસો કરાયો છે. રાજસ્થાન રોયલ્સના અન્ય બે ખેલાડી બ્રેડ હોજ અને રહાણે પર શંકા રહેલી છે. આ બંને બેટ્સમેનો દિલ્હી પોલીસની ચકાસણી હેઠળ મુકાયા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્પોટ ફિક્સીંગ મામલામાં એસ શ્રીસંત, અજિત ચંડિલા અને અંકિત ચૌહાણ સહિત અનેકની ગઈકાલે ધરપકડ કરાઈ હતી. શ્રીસંત અને રાજસ્થાન રોયલ્સના અન્ય બે ક્રિકેટર સહિત કુલ ૧૩ને ગુરુવારે જ પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા હતા. પાંચ દિવસ માટે તેમને પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા બાદ ઉંડી તપાસનો સિલસિલો જુદા જુદા શહેરોમાં ચાલી રહ્યો છે જેમાં તમિળનાડુ અને ગુજરાતનો પણ સમાવેશ થાય છે. ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ખેલાડી બ્રેડ હોજ અને ભારતના ઉભરતા ખેલાડી રહાણેનું નામ પણ સપાટી પર આવ્યુ છે. દરમિયાન ચેન્નઈથી પ્રાપ્ત અહેવાલ મુજબ સ્પોટ ફિક્સીંગના મામલામાં તમિળનાડુ પોલીસે ક્રિકેટના છ સટ્ટોડિયાઓની ધરપકડ કરી હતી. તેમની પાસેથી ૧૪ લાખ રૂપિયાની રોકડ રકમ મળી આવી છે. પોલીસે તેમની પાસેથી મોબાઈલ અને કોમ્પ્યુટર પણ કબજે કર્યા છે. આ લોકો આશરે એક કરોડ રૂપિયાનો સટ્ટો લગાવી રહ્યા હતા. સીબીસી આઈડીના અધિકારીએ કહ્યુ છે કે ૧૦થી વધુ જગ્યા પર દરોડા પાડવામાં આવ્યા હતા. માત્ર ચેન્નઈ માજ નહીં બલકે દેશના અન્ય મોટા શહેરોમાં પણ દરોડાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આગામી દિવસોમાં વધુ મોટી સફળતા મળવા માટે પોલીસ આશાવાદી છે. પોલીસ દ્વારા છેલ્લા ઘણા દિવસથી ખેલાડીઓ અને સટ્ટોડિયાઓ વચ્ચે ફોન પર થયેલી વાતચીત ટેપ થઈ હતી જેના આધાર પર ગઈકાલે આઈપીએલમાં સ્પોટ ફિક્સીંગનો ખુલાસો થયો હતો. એવી માહિતી મળી છે કે રાજસ્થાન રોયલ્સના કેપ્ટન રાહુલ દ્રવિડ અને આ ટીમના માલિકો તથા અન્યોની પુછપરછ થઈ શકે છે. ટીમના માલિકોમાં અભિનેત્રી શિલ્પા શેટ્ટી અને રાજ કુન્દ્રાનો સમાવેશ થાય છે.

મુખ્ય સૂત્રધારનું નામ સુનિલ રામચંદાની

સ્પોટ ફિક્સીંગમાં માસ્ટર માઈન્ડ દાઉદનો સાગરિત

નવી દિલ્હી,તા. ૧૭

સમગ્ર ભારતીય ક્રિકેટ અને વિશ્વ ક્રિકેટને હચમચાવી મૂકનાર સ્પોટ ફિક્સીંગ કૌભાંડમાં માસ્ટર માઈન્ડ અંડર વર્લ્ડ ડૉન ઈબ્રાહીમનો નજીકનો સાગરિત હોવાનું જાણવા મળ્યું છે. આ શખસનું નામ સુનિલ રામચંદાની ઉર્ફે સુનિલ દુબઈ હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે મુખ્ય બુકીનું નામ જુપિટર હોવાનું જાણવા મળ્યું છે. ફોન ઉપર થયેલી વાતચીતમાં આ મુજબની ચોકાવનારી બાબત સપાટી ઉપર આવી રહી છે. દિલ્હી પોલીસના એક અધિકારીએ નામ જાહેર નહીં કરવાની શરતે એક અગ્રણી અખબારને કહ્યું છે કે નાણાં આપવાનો તરીકો પણ જુદા પ્રકારનો હતો જે સાબિત કરે છે કે આ સમગ્ર કેસમાં દાઉદના મજબૂત સંબંધો છે. રાજસ્થાન રોયલ્સના ખેલાડીઓની ગુરુવારના દિવસે ધરપકડ કરી લેવામાં આવી હતી. આ લોકોને બુકીઓ અને અંડર વર્લ્ડ કનેક્શન સાથે થયેલી સમજૂતી મુજબ એક ઓવર માટે ૬૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા. મુંબઈમાં સ્પેશિયલ સેલના અધિકારીઓ દ્વારા ગઈકાલે આ તમામની ધરપકડ કરી લેવામાં આવી હતી. ખેલાડીઓને બીસીસીઆઈ દ્વારા સસ્પેન્ડ પણ કરી દેવામાં આવ્યા છે.

ખેલાડીઓ અને બુકીઓને મુંબઈમાં પકડી લેવામાં આવ્યા બાદ દિલ્હી લાવવામાં આવ્યા હતા જ્યાં તેમને કોર્ટ સમક્ષ રજૂ કરાયા હતા.

બુકી જીજુ જનાર્દનના સકંજામાં ફસાયા : શ્રીસંત

શ્રીસંત, અંકિતની સ્પોટ ફિક્સીંગ અંગે કબૂલાત

નવી દિલ્હી,તા. ૧૭

સ્પોટ ફિક્સીંગના મામલામાં ઝડપાયેલા એસ શ્રીસંત અને અંકિત ચૌહાણે પોતાની ભૂલની કબૂલાત કરી લીધી છે. આઈપીએલ-૬માં સ્પોટ ફિક્સીંગમાં સંડોવણી બદલ ઝડપાયેલા આ ત્રણેય ખેલાડીઓએ કબૂલાત કરી છે કે તેમણે ગુનો કર્યો છે. એક અગ્રણી સમાચાર ચેનલે આ મુજબનો દાવો કર્યો હતો. જો કે આ લોકોએ એમ પણ તપાસ અધિકારીઓ સમક્ષ કહ્યુ છે કે સટ્ટોડિયા જીજુ જનાર્દન દ્વારા તેમને ફસાવવામાં આવ્યા હતા. આ કેસમાં અન્ય એક આરોપી અંકિત ચૌહાણ પોલીસ કસ્ટડીમાં ભાંગી પડ્યો હતો અને સ્પોટ ફિક્સીંગની કબૂલાત કરી હતી.

તેણે કહ્યુ હતુકે તે મોટી ભૂલ કરી ચુક્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે દિલ્હી પોલીસે ગઈકાલે ઈન્ડિયન પ્રિમિયરલીગમાં સ્પોટ ફિક્સીંગના મોટા કૌભાડનો પર્દાફાશ કર્યો હતો અને રાજસ્થાન રોયલ્સના આ ત્રણેય ખેલાડીઓને પકડી લીધા હતા. પોલીસે સટ્ટોડિયાઓ અને ખેલાડીઓ વચ્ચે થયેલી વાતચીતના આધારે ગુપ્ત ઓપરેશન હાથ ધર્યુ હતુ જેમાં આ ખેલાડીઓ સકંજામાં આવી ગયા હતા.

બીજી બાજુ રાજસ્થાન રોયલ્સના ખેલાડીમાંથી બુકી બની ગયેલા અમિતસિંહની આકરી પુછપરછ કરવામાં આવી છે. અમિતસિંહે જ ખેલાડીઓનો સંપર્ક કરવા બુકીઓને મદદ કરી હતી. રાજસ્થાન રોયલ્સના ત્રણ ખેલાડીઓની ધરપકડ કરવામાં આવ્યા બાદ વધુ આઈપીએલ મેચો પણ હાલ ચકાસણી હેઠળ છે. અજિત ચંડિલા અને એક સટ્ટોડિયા વચ્ચે ફોન પર થયેલી વાતચીતથી જાણવા મળ્યુ હતુ કે છેલ્લી આઈપીએલ મેચમાં પણ તે સ્પોટ ફિક્સીંગમાં સામેલ હતો. ત્રણ મેચોમાં સ્પોટ ફિક્સીંગના અહેવાલને સમર્થન મળી ગયુ છે. શ્રીસંતે પોતાની ભૂલ કબૂલી છે પરંતુ દાવો કર્યો છે કે તે નિર્દોષ છે અને કૌભાંડમાં બુકીના કારણે ફસાયો છે. શ્રીસંત તરફથી ઉપસ્થિત થયેલા વકીલ દિપક પ્રકાશે કહ્યુ છે કે શ્રીસંત નિર્દોષ છે અને આ કેસમાં તેની સામે કોઈ પુરાવા નથી. શ્રીસંત સામે પોલીસ કોઈ પુરાવા રજુ કરી શકી નથી.

ચીન અને ભારત વધુ મોટા રોકાણકારો બનશે : વડાપ્રધાન

વોશિંગ્ટન, તા. ૧૭

ભારત અને ચીન ૨૦૩૦ સુધી વિકાસશીલ દેશોના સમૂહમાં સૌથી મોટા રોકાણકારો બની જશે. વૈશ્વિક વિદેશી રોકાણમાં આ બંને પ્રમુખ એશિયાઈ કંપનીઓનું યોગદાન ૩૮ ટકા સુધી પહોંચી ગયું છે. આ વાત વિશ્વ બેંકના એક રીપોર્ટમાં જણાવવામાં આવી છે.

વિશ્વ બેંકના વરીષ્ઠ ઉપાધ્યક્ષ અને મુખ્ય અર્થ શાસ્ત્રી કૌશિક બસુએ જણાવ્યું હતું કે વિકાસશીલ દેશોમાં ચીન અને ભારત સૌથી મોટા રોકાણકારો બની જાય તેવી આશા છે. જેને કારણે વૈશ્વિક અર્થવ્યવસ્થાની તસવીર બદલાઈ જશે.

વિશ્વ બેંકની વૈશ્વિક વિકાસ ક્ષિતીજ (જીડીએચ) ટાઈટલ રીપોર્ટની નવી આવૃત્તિ અનુસાર ૨૦૩૦ સુધી રોકાણ માટે ઉપલબ્ધ વૈશ્વિક મૂડી ભંડારનો અડધો હિસ્સો જે કુલ ૧૫૮,૦૦૦ અબજ ડોલર સમકક્ષ હશે. વિકાસશીલ દેશોમાં આ માપ એક તૃંતિયાંશથી ઘણું ઓછું છે. આ મુડીનો મોટો હિસ્સો પૂર્વ એશિયા અને લૈટિન અમેરિકા પાસે હશે. રીપોર્ટમાં જણાવ્યા અનુસાર વૈશ્વિક પરિયોજના રોકાણમાં દેશોનું યોગદાન ૨૦૩૦ સુધી ત્રણ ઘણું થઈને ૬૦ ટકા થઈ જશે. ૨૦૦૦ના વર્ષમાં જે ૨૦ ટકા હતું. રીપોર્ટમાં જણાવ્યા અનુસાર વૈશ્વિક વસ્તી ૨૦૩૦ સુધી વધીને ૮.૫ અબજ થઈ જશે. જે ૨૦૧૦માં સાત અબજ હતી. વિકસીત દેશોમાં વૃદ્ધોની સંખ્યામાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. બસુએ જણાવ્યું હતું કે અમે દક્ષિણ કોરીયા, ઈન્ડોનેશીયા, બ્રાઝીલ, તુર્કી અને દક્ષિણ આફ્રિકાના જુદા જુદા પ્રકારના અનુભવના આધારે જાણીએ છીએ કે રોકાણ લાંબાગાળાની વૃદ્ધીમાં મહત્વપુર્ણ ભુમિકા નીભાવે છે.

વડાપ્રધાને જણાવ્યું છે કે દેશની અર્થવ્યવસ્થા મુશ્કેલીભર્યા તબક્કામાંથી પસાર થઈ રહી છે. આપણો વૃદ્ધિદર આપણે ઈચ્છીએ તે મુજબ નથી. અર્થવ્યવસ્થા અને સમાજને મજબૂત બનાવવા માટે તેમણે ઉદ્યોગ, શ્રમિક સંગઠનો, અને રાજ્ય સરકારો વચ્ચેની ભાગીદારી વધારવા પર ભાર મુક્યો હતો. ગત ફેબ્રુઆરીમાં થયેલી સામાન્ય હડતાળની માંગ અંગે તેમણે જણાવ્યું હતું કે તેમા એ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી કે વૃદ્ધિ અને પ્રગતિ સમાન હોવી જોઈએ. તેનો લાભ સમાજના વંચિત વર્ગોને મળવો જોઈએ.

મનમોહનસિંહે જણાવ્યું હતું કે આ ચિંતા તેમની સરકારને પણ છે. વડાપ્રધાને જણાવ્યું હતું કે વૈશ્વિક આર્થિક મંદી છતાં સરકાર ૨૦૦૪-૦૫થી ૨૦૦૯-૧૦ વચ્ચે બે કરોડ વધારાની રોજગારીની તકો ઉભી કરવામાં સફળ રહી છે. જેને કારણે બેરોજગારીનો દર ૮.૩ ટકાથી ઘટીને ૬.૬ ટકા થઈ ગયો હતો.

અમિત બુકી બનતા પહેલા ગુજરાત વતી રમ્યો

અમિતસિંહ બુકીઓ માટે ટેલેન્ટ સ્પોટર બન્યો હતો

નવી દિલ્હી,તા. ૧૭

રાજસ્થાન રોયલ્સના ખેલાડીમાંથી બુકી બની ગયેલા અમિતસિંહને ટેલેન્ટ સ્પોટર તરીકે ગણવામાં આવે છે. બુકીઓ માટે તે ટેલેન્ટ સ્પોટર બની ગયો હતો તેવી બાબત તપાસમાં સપાટી પર આવી છે. અમિત ખેલાડીઓ અને બુકી ચંદ્રેશ વચ્ચે મધ્યસ્થી તરીકે કામ કરી રહ્યો હતો. ચંદ્રેશની પહેલાથી જ ધરપકડ કરી લેવામાં આવી છે.

અમિતનું ગુરુવારે મોડી રાત્રે અમદાવાદમાંથી ધરપકડ કરાઈ હતી. તે ફોન પર ખેલાડીઓ સાથે સ્વતંત્રરીતે વાત કરતો હતો અને તેમની સાથે મેચ ફિક્સ કરતો હતો. અમિત આઈપીએલ સ્પોટ ફિક્સીંગમાં હજુ સુધી ઝડપાયેલા ૧૧ બુકી પૈકી એક છે તે રાજસ્થાન રોયલ્સનો પૂર્વ ખેલાડી છે. ગયા વર્ષે તે આમાંથી ખસી ગયો હતો.

અમિત રણજી ટ્રોફીમાં ૨૦૧૨-૧૩ની સિઝનમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી ચુક્યો છે. ૨૦૦૯થી ૨૦૧૨ વચ્ચેના ગાળામાં તે રાજસ્થાન રોયલ્સ ટીમનો ખેલાડી હતી અને રાજસ્થાન રોયલ્સ સાથે ચાર વર્ષ સુધી રહ્યા બાદ તે ૨૩ મેચોમાં રમ્યો હતો. અવું પણ જાણવા મળ્યુ છે કે અમિતની પાંચ દિવસ અગાઉ પુછપરછ માટે ધરપકડ કરાઈ હતી પરંતુ ગઈકાલે તેની વિધિવતરીતે ધરપકડ કરાઈ હતી. આઈપીએલ-૬માં ત્રણ મેચોમાં તે મેચ ફિક્સીંગમાં સામેલ હતો. અમિત ૨૦૦૮માં આઈપીએલમાં આવ્યો હતો તે વખતે રાજસ્થાન રોયલ્સના કેપ્ટન તરીકે શેનવોન હતો અને તેની બોલીંગના કારણે તે ચર્ચામાં રહ્યો હતો. ગયા વર્ષે શંકાસ્પદ બોલીંગના કારણે તેના પર પ્રતિબંધ મુકાયો હતો.

અમિત પર થ્રો બોલિંગ કરવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. થોડાક વર્ષો આઈપીએલમાં રમ્યા બાદ તે બુકી તરીકે સક્રીય થઈ ગયો હતો અને મેચ ફિક્સ કરવામાં જોડાયો હતો આ જ કારણસર તેની સાથે ખેલાડીઓના સીધા સંબંધો હતા.

સ્પોટ ફિક્સીંગ મામલે ૧૯મીએ બોર્ડની બેઠક

નવી દિલ્હી,તા. ૧૭

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડે આજે કહ્યુ હતુ કે ઈન્ડિયન પ્રિમિયર લીગમાં સ્પોટ ફિક્સીંગના મામલા બાદ રવિવારના દિવસે ઈમરજન્સી મિટિંગ યોજશે જેમાં હાલમાં ઉભી થયેલી પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવશે. બીસીસીઆઈના સચીવ સંજય જગદલેએ કહ્યુ છે કે આ ઈમરજન્સી બેઠકમાં કારોબારીના તમામ સભ્યો ઉપસ્થિત રહેશે. બેઠકમાં મુખ્યમુદ્દો સ્પોટ ફિક્સીંગના કારણે ધરપકડ કરવામાં આવેલા ત્રણ ખેલાડીઓ રહેશે. તેના ભાવિ અંગે નિર્ણય લેવામાં આવશે. ફિક્સીંગના કારણો પર પણ વિચારણા કરવામાં આવશે. બીસીસીઆઈએ કબૂલાત કરી છે કે આ મામલામાં અમદાવાદમાંથી ધરપકડ કરવામાં આવેલા અમિતકુમારનું નામ આવ્યુ છે જે ગુજરાતનો પૂર્વ ખેલાડી છે. બીસીસીઆઈએ પ્રથમ વખત સત્તાવારરીતે આની કબૂલાત કરી છે. અમિતને તપાસ પુરી ન થાય ત્યાં સુધી તમામ પ્રકારના ક્રિકેટથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો છે.

સીબીઆઈ સંબંધી જીઓએમના કાર્યમાં હસ્તક્ષેપ નહીં કરાય : સુપ્રીમ

ન્યાયમૂર્તિ પી.એસ. ચૌહાણ અને દિપકની બેન્ચે સીબીઆઇ કેડરના અધિકારીઓની અરજી સાંભળવાનો ઇન્કાર કરી દીધો

મુંબઈ, તા. ૧૭

સુપ્રીમ કોર્ટે સીબીઆઈની સ્વાયત્તતાના મુદ્દે ધ્યાન રાખી રહેલા મંત્રીઓના સમૂહ (જીઓએમ)ના કામકાજમાં હસ્તક્ષેપ કરવાનો આજે ઈન્કાર કરી દીધો છે. આ સાથે કોર્ટે એજન્સીના અધિકારીઓના એ અનુરોધનો પણ અસ્વિકાર કરી દીધો છે. જેમાં માંગણી કરવામાં આવી હતી કે જીઓએમ પોતાની ભલામણો રજૂ કર્યા પહેલા સીબીઆઈ સંબંધી સંસદીય સમિતિના રીપોર્ટ પર વિચાર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

ન્યાયમૂર્તિ પી.એસ. ચૌહાણ અને ન્યાયમૂર્તિ દિપક મિશ્રાની બેન્ચે સીબીઆઈ કેડર અધિકારીઓની અરજી સાંભળવાનો ઈન્કાર કરી દીધો હતો. અધિકારીઓએ સુપ્રીમ કોર્ટનો દરવાજોખખડાવ્યો હતો. જેથી સંસદીય સમિતિઓની ભલામણો વિરૂદ્ધ અધિકારીઓની નિમણૂક કરવા માટે નવા નિયમ બનાવતા કેન્દ્રને અટકાવી શકાય. સંસદીય સમિતિઓની ભલામણોમાં સીબીઆઈ કેડરને મજબૂત બનાવવા તથા પ્રતિ નીયુક્તી પર નિર્ભરતા ઘટાડવાની સલાહ આપવામાં આવી છે. બેન્ચે જણાવ્યું હતું કે તે આવો આદેશ આપી શકે નહીં. આ સાથે ન્યાયધીશોએ અધિકારીઓની પોતાની ફરિયાદનો ઉકેલ લાવવા માટે કોર્ટને વેકેશન બાદ તે બેન્ચનો સંપર્ક કરવાનું જણાવ્યું છે જે સીબીઆઈમાં ખાલી જગ્યા ભરવા સાથે સંકળાયેલા મામલા સંભાળી રહી છે. કોર્ટે જણાવ્યું હતું કે અમે સરકારને આવો આદેશ આપી શકીએ નહીં. અમે જાહેરનામુ બહાર પાડ્યા અગાઉ કાર્યવાહી કરી શકીએ નહીં. આ સાથે કોર્ટે જણાવ્યું હતું કે આ બાબત પણ બેન્ચ સમક્ષ લાવવી જોઈએ. અધિકારીઓએ પોતાની અરજીમાં જીઓએમની રચના કરવા તથા સંસદીય સમિતિની રીપોર્ટનો અમલ ન થવા અંગે સરકારને પ્રશ્ન કર્યા હતા. તેમણે દલિલ કરી હતી કે જીઓએમને તેમને પોતાની સમક્ષ રજૂઆત કરવાની તક આપવી જોઈએ.

સીબીઆઈના અધિકારીઓ તરફથી રજૂ થયેલા વકિલ કામીની જયસ્વાલે જણાવ્યું હતું કે સરકાર જાણીજોઈને સંસદીય સ્થાયી સમિતિના જુદા જુદા રીપોર્ટો પર વિચારણા કરવા નિષ્ફળ રહી છે. તેણે કોર્ટના આદેશની આડમાં મનસ્વી રીતે જીઓએમની રચના કરી છે.

અરજીમાં આરોપ મુકવામાં આવ્યો છે કે કેડર અધિકારીઓને જાણીજોઈને સીબીઆઈના કામકાજથી દૂર રાખવામાં આવે છે. છેલ્લા ૫૦ વર્ષોમાં એવા કોઈપણ અધિકારીને સંગઠનમાં એવા પદ પર નિમણુંક કરાયા નથી જે વહીવટી અને નીતિઓ બનાવવાના નિર્ણય સાથે સંકળાયેલા હોય.

રેન્જ આધારિત કારોબારની વચ્ચે ૩૯ પોઈન્ટનો સુધાર

૧૭મી જુને પોલીસી સમીક્ષામાં વ્યાજદરમાં ઘટાડો થવાની આશા વચ્ચે લેવાલી રહેતા અંતે સેન્સેક્સમાં સુધાર થયો

મુંબઈ,તા. ૧૭

શેરબજારમાં આજે તેજી રહી હતી. બપોરના ગાળા બાદ બજારમાં બાઉન્સ બેકની સ્થિતિ જોવા મળી હતી. રેન્જ આધારિત કારોબાર જોવા મળ્યો હતો. આઈસીઆઈસીઆઈ બેંક અને આઈટીના શેરમાં લેવાલી જામી હતી. આ ઉપરાંત કેપિટલ ગુડ્સના શેરમાં રિકવરી નોંધાઈ હતી. જ્યારે નિફ્ટી ૧૭ પોઈન્ટ સુધરી ૬૧૮૭ની સપાટી નોંધાઈ હતી. એસએન્ડપી દ્વારા ભારતની રેટીંગમાં કોઈ ફેરફારને હજુ ટાળવાનો નિર્ણય કર્યો છે. ભારત અંગે બીબીબી રેટિંગ જાળવી રાખવાનો નિર્ણય કરાયો છે. ને ગેટિવ આઉટલુકને લઈને કારોબારીઓ ચિંતિત દેખાઈ રહ્યા છે. આગામી ૧૨ મહિનામાં ભારતના રેટીંગમાં ડાઉનગ્રેડની શક્યતા દર્શાવવામાં આવી છે. જો સરકાર જાહેર અને ખાનગી મૂડીરોકાણમાં વધારો કરશે તો રેટીંગને અપગ્રેડ કરવાની તક રહેલી છે. બ્રોડર માર્કેટમાં બપોરના ગાળા બાદ રિકવરી નોંધાઈ હતી. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવમાં આવે તો બીએસઈ પાવર ઈન્ડેક્સમાં ત્રણ ટકાનો સુધારો થયો હતો જ્યારે રિયાલિટી ઈન્ડેક્સમાં બે ટકાનો સુધારો રહ્યો હતો. આરબીઆઈ પોલીસી રેટમાં વધુ ઘટાડો કરી શકે છે. આર્થિક વિકાસની ગતિ ઝડપી બની શકે છે. એપ્રિલ ૨૦૧૩માં હોલસેલ પ્રાઈઝ આધારિત ફુગાવામાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે જેથી વ્યાજદર ઘડવાના સંકેત છે. કેપિટલ ગુડ્સમાં રિબાઉન્ડની સ્થિતિ નોંધાઈ હતી. આ ઈન્ડેક્સમાં એક વખતે ૧૦૪૬૧ની નીચી સપાટી નોંધાઈ હતી. કનઝ્યુમર ડ્યુરેબલ, હેલ્થકેર અને મેટલ ઈન્ડેક્સમાં નબળાઈ જોવા મળી હતી. રૂપિયાએ પણ આજે ડોલર સામે તેની સ્થિતિ ગુમાવી હતી. જે શેરમાં આજે તેજી નોંધાઈ હતી તેમાં ભેલમાં ચાર ટકાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત એનટીપીસી, એલએન્ડટી, સિપ્લાનો સમાવેશ થાય છે. ભારતી એરટેલના શેરમાં બે ટકાનો કડાકો બોલી ગયો હતો જ્યારે માર્કેટ હેવીવેટ રિલાયન્સમાં ૦.૭ ટકાનો ઘટાડો રહ્યો હતો. માર્કેટ બ્રિડથ તટસ્થ રહી હતી. ૨૪૯૯ શેરમાં કારોબાર થયો હતો જે પૈકી ૧૨૪૫ શેર મંદીમાં અને ૧૧૧૨ શેર તેજીમાં રહ્યા હતા.

શ્રીસંત, અન્યોને ખૂબસુરત યુવતી પૂરી પડાઈ હતી

નવી દિલ્હી,તા. ૧૭

આઈપીએલમાં થયેલા વધુ એક સનસનાટીપૂર્ણ ખુલાસાથી એવું જાણવા મળ્યું છે કે ક્રિકેટરોને સ્પોટ ફિક્સીંગ માટે માત્ર જંગી નાણાં ચૂકવવામાં આવ્યા ન હતા બલ્કે ખૂબસુરત યુવતીઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. યુવતીઓ મારફતે આકર્ષિત કરવામાં આવ્યા બાદ સ્પોટ ફિક્સીંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. એક અંગ્રેજી અંગ્રેજી અખબારમાં પ્રકાશિત અહેવાલમાં જણાવામાં આવ્યું છે કે દિલ્હી પોલીસને બે ટોચના બુકી મદન અને ચંદન વચ્ચે થયેલી વાતચીતથી શ્રીસંત અને અજીત ચંડીલાને યુવતીઓ ઉપલબ્ધ કરાવવાની બાબત પણ જાણવા મળી છે. બુકીઓની વાતચીતથી જાણવા મળ્યું છે કે આ ખેલાડીઓને ઓછામાં ઓછી ત્રણ વખત યુવતીઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. પોલીસને આ ક્રિકેટરો પાસે પહોંચેલી યુવતીઓના આવા જાવાના સમય અંગે પણ માહિતી મળી છે. રાજસ્થાન રોયલ્સના અન્ય એક ખેલાડી પાસે પણ યુવતી મોકલવામાં આવી હતી પરંતુ તે મેચ ફિક્સીંગના ખેલમાં સામેલ ન હતો. અત્રે ઉલ્લેખનીય છે કે દિલ્હી પોલીસે આઈપીએલ ટીમ રાજસ્થાન રોયલ્સના ત્રણ ખેલાડીઓને મુંબઈ સાથે સ્પોટ ફિક્સીંગના આરોપસર પકડી લેવામાં આવ્યા છે. ત્રણે ઉપર કઠોર કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્રણેને આઈપીએલમાંથી તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. આઈપીએલમાં હવે નવી નવી બાબતો સપાટી ઉપર આવી રહી છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ આઈપીએલ-૬ની આ સિઝનની એક મેચ વેળા મુંબઈની હોટલમાં શ્રીસંતને યુવતીની સાથે જ પકડી લેવામાં આવ્યો હતો. બુકીઓ આઈપીએલમાં રમી રહેલા ક્રિકેટરોને યુવતીઓ પણ ઉપલબ્ધ કરાવતા હતા. બુકીએ જ શ્રીસંતને પણ હોટલમાં યુવતી ઉપલબ્ધ કરાવી હતી.

આ મામલામાં શંકાના ઘેરામાં અંકિત ચૌહાણ અને ચંડીલા પણ આવી ગયા છે. ગઈકાલે જ ઈન્ડિયન પ્રીમીયર લીગમાં સ્પોટ ફિક્સીંગનો પર્દાફાશ થયો હતો અને આ સંબંધમાં રાજસ્થાન રોયલ્સના ઝડપી બોલર શ્રીસંત, રાજસ્થાન રોયલ્સના અન્ય બે ખેલાડી અંકિત ચૌહાણ અને ચંડીલાની ધરપકડ કરી લેવામાં આવી હતી. આ ઉપરાંત ૧૧ સટોડીયાઓની પણ ધરપકડ કરી લેવામાં આવી હતી.

સમાચાર ઝલક

- આઇ.પી.એલ.ની તમામ મેચોમાં ફિક્સીંગ થયેલ હતી, પોલીસને માહિતી, મેચ ફિક્સીંગથી રમતજગત અવાચક.
- ફિલ્મ અભિનેતા સંજયદત્તે જેલમાં રાત વિતાવી.
- નાના ચિલોડા પાસે ૩ યુવાનો નાહ્વા પડતાં ડૂબતાં મોત.
- સરદારનગરમાં વકીલના ઘરે ૧૨ દારૂડિયા ઝડપાયા.
- ફિક્સીંગ સાથે સેક્સ રેકેટ પણ સંકળાયેલું હતું, સટ્ટાકાંડ મામલો વધુ પેચીદો બનતો જાય છે.
- અમેરિકાના ટેક્સાસમાં વાવાઝોડામાં ૬ નાં મોત.
- ત્રીજા ધોરણના વિદ્યાર્થીને માર મારતાં મોત.
- મડાણા (ગટ)માં ૧૦૦ વ્યક્તિઓને ખોરાકી ઝેરની અસર.
- ગુજરાતભરમાં ક્રિકેટ સટ્ટોડિયા ભૂગર્ભમાં, ઊંડી તપાસ શરૂ ગુજરાત સુધી કનેકશન.
- વૈશાખના પ્રારંભે ગરમીના આકરા પ્રકોપથી જનજીવન આકુળ-વ્યાકુળ.
- દ્વારકાધીશને પણ ગરમીની અસર, પહેરાવ્યાં ચંદનના વાઘા.
- પેટ્રોલપંપ પરથી પણ નોન-સબસીડીવાળા ગેસ સિલિન્ડર મળશે.
- ગુજકેટની ત્રણ આન્સર કી ખોટી હોવાની રજૂઆત.
- જીપીએસસીની પરીક્ષા યુપીએસસીની જેમ લેવાશે, કવાયત શરૂ.
- સોહરાબ કેસ સંબંધે ૧૮મીએ રાજસ્થાન બંધનું એલાન.
- બદ્રીનાથ - કેદારનાથના કપાટ ખુલતાં શ્રદ્ધાળુઓનાં ઘોડાપુર.
- તામીલનાડુમાં જયલલિતાની 'અમ્મા' કેન્ટીન ને જબરો પ્રતિસાદ, રૂપિયા પાંચમાં ભરપેટ ભોજન.
- ગુજરાત હાઇકોર્ટમાં ગુજરાતી ભાષામાં કાનૂની કાર્યવાહી કરવા માગણી.
- સુમૂલ ડેરી સુરતમાં સામાન્યસભામાં ભારે ધાંધલ-મારામારીનાં દૃશ્યો સર્જાયા.
- અમદાવાદની રથયાત્રા પર સીસીટીવે કેમેરાની બાજ નજર રહેશે.
- જાણીતા હાસ્યલેખક તારક મહેતાનું સાહિત્ય ગૌરવ પુરસ્કારની સન્માન.